# કો-ઓપરેટિવના નિયમોમાં ફેરફાર કરવો

કો-ઓપરેટિવે UK ની હાઉસિંગ કો-ઓપરેટિવ્સ માટે રાષ્ટ્રીય પ્રતિનિધિત્વ કરતી સંસ્થા - Confederation of Co-operative Housing (CCH - કન્ફેડરેશન ઓફ કો-ઓપરેટિવ હાઉસિંગ)ને પોતાના નિયમો અદ્યતન કરવામાં સહાયતા કરવા કહ્યું છે.

કો-ઓપરેટિવની નોંધણી ઘણાં વર્ષો પહેલાં કાયદેસર નિયમોના સમૂહ વડે થઈ હતી જે કો-ઓપરેટિવને પોતાનો કાયદેસર મોભો એક કો-ઓપરેટિવ સોસાયટી તરીકે આપે છે. તેઓ Financial Conduct Authority (ફાઇનાન્સિયલ કન્ડક્ટ ઓથોરિટી) નામક સરકારી સંસ્થા સાથે નોંધાયેલા છે. કો-ઓપરેટિવ પર જે રીતે શાસન ચલાવાય છે તે નિયમો નિર્ધારિત કરે છે.

કો-ઓપરેટિવ, અને રાષ્ટ્રીય સ્તરે ઘણી કો-ઓપરેટિવ્સ દ્વારા હાલમાં ઉપયોગાધિન નિયમોનો ડ્રાફ્ટ (કાચો મુસદ્દો), વર્ષ 1981 માં તૈયાર કરાયો હતો અને અત્યારના સંદર્ભમાં તે જૂનો થઇ ગયો છે. તે નિયમો 21મી સદીમાં કો-ઓપરેટિવ્સ જે રીતે સંચાલિત કરે છે તેને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરતા નથી. કો-ઓપરેટિવ્સ UK (સહકારી ચળવળને પ્રતિબિંબિત કરતી રાષ્ટ્રીય સંસ્થા) અને તેઓના કાયદેસર નિષ્ણાતો સાથે કાર્યરત, CCH દ્વારા હાઉસિંગ કો-ઓપરેટિવ્સ માટે મોડેલ નિયમોનો નવો સેટ ડ્રાફ્ટ કરવામાં આવ્યો છે. CCH ભલામણ કરી રહ્યું છે કે હયાત કો-ઓપરેટિવ્સ માટે આ નવા મોડેલ નિયમો અદ્યતન કરવા એ યોગ્ય છે.

આ કરવામાં હાઉસિંગ કો-ઓપરેટિવ્સ માટે નિયમોના નવા સેટની ચર્ચા કરવા અને તેની સાથે સંમત થવા સામાન્ય સભા બોલાવવી અનિવાર્ય બને છે. કો-ઓપરેટિવની સમિતિએ નવા નિયમો ધ્યાનમાં લીધા છે અને કો-ઓપરેટિવ તેઓને સ્વીકારે તેવી દરખાસ્ત મૂકે છે.

## નવા CCH મોડેલ નિયમો સ્વીકારવાની ચર્ચા કરવા માટે

## તમામ કૉ-ઓપરેટિવ સભ્યો હાજર રહેવા અને મત આપવાને પાત્ર છે

દરખાસ્ત હેઠળના નવા CCH મોડેલ નિયમોનો સંપૂર્ણ સેટ કૉ-ઓપરેટિવ્સની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

www.maynardcoop.org.uk/news/publications/fullymutualhousingco-opmodelrules

નિયમ ફેરફારોનો સારાંશ નીચે આપ્યો છે. જો તમે નિયમમાં ફેરફારને લગતા કોઇ ખાસ મુદ્દાઓ ઉઠાવવા ઇચ્છતા હો તો, કૃપા કરી CCH નાં Nic Bliss (નિક બ્લિસ)ને ઇમેઇલ મોકલો, nic@cch.coop . Nic સામાન્ય સભામાં પણ હાજર રહેશે.

## નવા નિયમો – મહત્વના મુદ્દાઓ

હાઉસિંગ કૉ-ઓપરેટિવ્સ માટેના નિયમોમાં નીચેના મુદ્દાઓ અવશ્ય આવરી લેવા રહ્યાં:

- કૉ-ઓપરેટિવના લક્ષ્યો – વ્યાખ્યાંકિત કરે છે કે કૉ-ઓપરેટિવને શું કરવાની પરવાનગી રહે છે (એટલે કે, કૉ-ઓપરેટિવ સિદ્ધાંતો હેઠળ હાઉસિંગ પૂરું પાડવું/સંચાલન કરવું)
- કૉ-ઓપરેટિવને રહેલી સત્તાઓ – સામાન્ય રીતે હેતુઓ સિદ્ધ કરવા કૉ-ઓપરેટિવે કરવા જરૂરી કાર્યો કરવા
- રજિસ્ટર્ડ ઓફિસ ક્યાં છે તે કહેવું
- કૉ-ઓપરેટિવના સભ્યો અને તેઓએ ખરીદેલા શેરને લગતી માહિતી
- લોકો સભ્ય બનવા કેવી રીતે અરજી કરે છે
- સભ્યપદ કેવી રીતે સમાપ્ત થાય છે અને સભ્યોને કેવી રીતે બહિસ્કૃત કરી શકાય છે

- સામાન્ય સભાઓ, ખાસ કરીને વાર્ષિક સાધારણ સભા (જેમાં બધાં સભ્યો હાજર રહી શકે છે) કેવી રીતે યોજવામાં આવે છે
- મેનેજમેન્ટ સમિતિ કેવી રીતે કામ કરે છે અને તેના સભ્યોને કેવી રીતે ચૂંટવામાં અને કાઢી મૂકવામાં આવે છે
- સમિતિને કઇ સત્તાઓ હોય છે
- કૉ-ઓપરેટિવ શું ઉધાર લઇ શકે છે
- કૉ-ઓપરેટિવ કેવી રીતે પોતાનું નાણાકીય ઓડિટ કરાવે છે
- નિયમોમાં વિવાદો કેવી રીતે ઉકેલવામાં આવે છે
- નિયમો કેવી રીતે સુધારી શકાય છે
- જો કૉ-ઓપરેટિવ સંકેલી લેવામાં આવે તો શું થશે

**વિગતોનો સમાવેશ** - નવા નિયમોમાં મહત્વના ફેરફારમાં કૉ-ઓપરેટિવ સભ્યો માટે સંદર્ભની સરળતા માટે ઉપરના મુદ્દાઓ વિશે પુષ્કળ વિગતો સમાવવાની રહે છે. 1981 નિયમોમાં એકસરખા મુદ્દાઓ આવરી લેવાયા હતા અને મોટાભાગે સરખો સાર હતો – પરંતુ બહુ ઓછી વિગતો હતી. આની સાથે સમસ્યા એ હતી કે કૉ-ઓપરેટિવ્સે જોયું કે ઘણી વાર નિયમો સંબંધિત મુદ્દાઓની વ્યવસ્થા કરવાની રીતને લગતી નજીવી સ્પષ્ટતા રહેતી હતી. કૉ-ઓપરેટિવ્સ જે રીતે કાર્ય કરે છે તે વ્યવહારુ રીતોના ઘણાં વર્ષોના અનુભવના આધારે પૂરી પાડેલી વિગતો સાથે, નવા નિયમો વધારે ચડિયાતી સ્પષ્ટતા પૂરી પાડવાનું ધારે છે.

નવા નિયમોમાં ઘણાં વિગતવાર ફેરફારો રહેલા છે. એવી ભલામણ કરવામાં આવે છે કે નિયમોની વિગત વિચારવા ઇચ્છતા લોકોએ વેબસાઇટ પરની માહિતી વાંચવી જોઇએ અને સામાન્ય સભામાં કોઇ ખાસ મુદ્દાઓ લાવવા જોઇએ.

**2014 અધિનિયમનો સંદર્ભ** – વર્ષ 2014 માં પસાર કરેલો નવો કાયદો (કૉ-ઓપરેટિવ એન્ડ કમ્યુનિટી બેનિફિટ સોસાઇટીસ એક્ટ) કૉ-ઓપરેટિવ્સની કાનૂની

સ્થિતિને સંચાલિત કરે છે. નવા નિયમો ખાતરી કરાવે છે કે આ અધિનિયમનો પૂરેપૂરો સંદર્ભ ટાંકવામાં આવે અને નિયમો તેને સુસંગત રહે.

**જુદા જુદા માધ્યમો દ્વારા વાતચીત અને બેઠકમાં હાજરી** – નવા નિયમો પરવાનગી આપે છે કે સભ્યો અને સમિતિ સભ્યો સાથે બેઠકની નોટિસો અને અન્ય સંવાદો ઇલેક્ટ્રોનિક માધ્યમથી કરી શકાય છે. નવા નિયમો એ પરવાનગી પણ આપે છે કે સભ્યો અને સમિતિ સભ્યો ટેલિફોન, વીડિયો કોન્ફરન્સિંગ અથવા વ્યક્તિ સાંભળી શકે, ટિપ્પણી કરી શકે અને કાર્યવાહીઓ પર મત આપી શકે તેવા અન્ય સંદેશાવ્યવહાર સાધન દ્વારા સામાન્ય અને સમિતિ બેઠકોમાં હાજર રહી શકે છે.

**વિવિધતા, સમાનતા અને આદર પ્રત્યે કટિબદ્ધતા** – વિવિધતા અને સમાનતાના સિદ્ધાંતો પર કૉ-ઓપરેટિવને કટિબદ્ધ થવા એક ચોક્કસ કલમ ઉમેરવામાં આવી છે.

**વાર્ષિક સાધારણ સભા** (AGM) – કૉ-ઓપરેટિવને AGM બોલાવવા વર્ષ 1981 નાં નિયમો પ્રમાણે ત્રણ મહિનાને બદલે નવા નિયમો વર્ષ પૂરું થયા પછી છ મહિનાનો સમય આપે છે; એવી જરૂરિયાત છે કે દરેક વાર્ષિક સાધારણ સભામાં સમિતિ સભ્યોને પ્રગતિ પર એક અહેવાલ રજૂ કરે. 1981 નાં નિયમોમાં આની જરૂર ન હતી.

**પરિભાષા** – 1981 નાં નિયમોમાં "સમિતિ સભ્યો" અને "પ્રમુખ"નો સંદર્ભ ટાંકવામાં આવતો હતો. આ પરિભાષા નવા નિયમોમાં અદ્યતન કરવામાં આવી છે.

**સમિતિનું કદ** – નવા નિયમો પાંચથી બાર સભ્યોની સમિતિ (ત્રણ કૉ-ઓપ્ટેડ (હાલના સભ્યોના મતથી સમિતિ સભ્ય ચૂંટવો) સભ્યો સહિત)નો ઉલ્લેખ કરે છે. 1981 નાં નિયમોમાં સાતથી પંદર સભ્યો અને પાંચ કૉ-ઓપ્ટેડ સભ્યોને મંજૂરી આપવામાં આવી હતી. નવી સમિતિનું કદ હાલમાં વિચારેલ શ્રેષ્ઠ વ્યવહારને પ્રતિબિંબિત કરે છે.

**સમિતિની ચૂંટણી** – નવા નિયમો ઉલ્લેખ કરે છે કે સંપૂર્ણ સમિતિ દરેક વાર્ષિક સાધારણ સભામાં ચૂંટવામાં આવે (બિનહરીફ જો બારથી ઓછાં સ્થાયી સભ્યો હોય). 1981 નાં નિયમો ઉલ્લેખ કરે છે કે ત્રીજા ભાગની સમિતિ દર વર્ષે વિખેરાઇ જાય. CCH એવી કોઇ કો-ઓપરેટિવ્સથી માહિતગાર નથી જે પોતાની સમિતિઓ તે રીતે ચૂંટી કાઢતી હોય.

**સમિતિમાં નામાંકનો** – નવા નિયમો એક ઔપચારિક સમિતિ નામાંકન પ્રક્રિયાનો ઉલ્લેખ કરે છે જેથી સમિતિ સભ્યોને પ્રક્રિયાને ગંભીરપણે લેવા પ્રોત્સાહિત કરી શકાય. આનો સમાવેશ 1981 નાં નિયમોમાં પણ કરવામાં આવ્યો હતો પરંતુ બહુ ઓછી વિગતમાં.

**સમિતિ સભ્યની બાદબાકી કરવી** – 1981 નાં નિયમો હેઠળ, સમિતિ સભ્યને સામાન્ય સભામાં માત્ર મતથી કાઢી શકાતો હતો જેમાં બધાં સભ્યો હાજર રહીને મત આપતા હતા. ચોક્કસ સંજોગોમાં, નવા નિયમો સમિતિની બેઠકમાં સમિતિના સભ્યને એક મતથી પણ કાઢી નાખવા દે છે.

**સમિતિનું કોરમ** – નવા નિયમો ઉલ્લેખ કરે છે કે સમિતિનું કોરમ કુલ સંખ્યાના એક ત્રત્યાંશ ભાગનું અને લઘુતમ ત્રણનું હોય છે (તેથી જો સમિતિમાં 9 કે ઓછાં સભ્યો હોય તો, કોરમ ત્રણનું બને છે અથવા જો સમિતિમાં 10, 11 કે 12 સભ્યો હોય તો – કોરમ ચારનું બને છે). 1981 નાં નિયમોમાં સમિતિનું કોરમ ત્રણ અથવા સમિતિએ સંમતિ દર્શાવેલી વધારે સંખ્યાનું હોય છે.

**નિર્ધારિત અધિકારીની ભૂમિકાઓ** – નવા નિયમો ખજાનચીની અગાઉ વ્યાખ્યાંકિત કરેલી ભૂમિકાને દૂર કરે છે. એક કો-ઓપરેટિવે કાયદેસર રીતે સેક્રેટરી રાખવો અનિવાર્ય છે અને તે ભૂમિકા નિર્ધારિત છે પરંતુ હવે કાયદેસર રીતે ખજાનચી રાખવો બિલકુલ જરૂરી નથી. જો કો-ઓપરેટિવ પાસે એક ખજાનચી હોય તો – નવા નિયમોમાં કો-ઓપરેટિવ પોતાની મનસ્વી રીતે ભૂમિકા નિર્ધારિત કરવા મુક્ત રહે છે.

**ખાસ મેનેજરની જોગવાઇઓ** – નવા નિયમોમાં કૉ-ઓપરેટિવને સંચાલન સમિતિમાં ફરજ બજાવવા પૂરતા સ્વયંસેવકો મેળવવામાં મુશ્કેલીઓ પડવાના કિસ્સામાં ખાસ મેનેજરને કૉ-ઓપરેટિવનું સંચાલન કરવા દે છે. આવું થતું હોય ત્યાં, ખાસ મેનેજરની જોગવાઇઓ કૉ-ઓપરેટવને પુનર્જીવિત બનાવવાના પ્રયત્નના ભાગરૂપે છ મહિનાના સમયગાળા માટે ખાસ મેનેજરની નિમણૂક કરવા દે છે. આ જોગવાઇનો હેતુ કૉ-ઓપરેટિવને બંધ કરવા દેવાને બદલે પોતાની જાતે રિન્યુ કરવાની તક આપવાનો છે જો પૂરતા લોકો કૉ-ઓપરેટિવના સંચાલનમાં સહભાગી થવા આગળ ના આવે.

**વિવાદો** – 1981 નાં નિયમોએ નિયમો સાથે વિવાદ ધરાવતી કોઇપણ વ્યક્તિને નેશનલ ફેડરેશન ઓફ હાઉસિંગ એસોસિએશન્સ (હવે નેશનલ હાઉસિંગ ફેડરેશન તરીકે ઓળખાય છે જે આવાસીય મંડળોનું પ્રતિનિધિત્વ કરે છે)નો નિર્દેશ આપ્યો હતો. નવા નિયમોથી વિવાદો કાઉન્ટી કોર્ટને નિર્દેશ થાય છે.

***વધુ વિગતો સહિત નવા નિયમો સિવાયના નિયમોમાં, બાકીના નિયમોમાં મોટા ભાગે એકસરખો સાર હોય છે.***